Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# ગાંધીજીના અસ્પૃશ્યતા અંગેના વિચારો

**પ્રો. ડાં. કલ્પનાબેન બી. ચૌધરી**
સમાજશાસ્ત્ર વિભાગ, શ્રીમતી આર. એમ.પ્રજાપતિ આર્ટ્સ કોલેજ, સતલાસણા.

આજે હિન્દુ ધર્મને માથે ન ભૂંસી શકાય એવું કલંક લાગેલું છે. એ અનાદિ કાળથી ઉતરી આવેલું છે. એમ માનવાનો હું ઈન્કાર કરૂ છું. હું માનુ છું કે, આપણે સંસ્કૃતિની નીચામાં નીચી કક્ષાએ હોઈશું ત્યારે આપણામાં આ અસ્પૃશ્યતાની અધમ, દુષ્ટ અને ગુલામ બનાવનારી ભાવના જન્મી હશે. આ અનિષ્ટ આપણને વળગ્યુ છે. અને આજે પણ આપણને વળગેલું છે.

ગાંધીજી પોતે માનતા હતા કે અસ્પૃશ્યતાએ હિન્દુ ધર્મનું અંગ નથી. પણ એમાં પેસી ગયેલો સડો છે. વહેમ છે. પાપ છે. ને તેનું નિવારણ કરવું એ પ્રત્યેક વેળાસર નાબુદ ન કરવામાં આવે તો હિન્દુ સમાજ અને ધર્મની હસ્તી જોખમમાં છે. જન્મના કારણથી મનાયેલી આ અસ્પૃશ્યતામાં અહિંસા પર્મનો અને સર્વભૂતાત્મભાવનો નિષેધ થઈ જાય છે. એના મુળમાં સંયમ નથી. પણ ઉચપણાની ઉદ્ધત ભાવના જ રહેલી છે. આથી એ સ્પષ્ટ અધર્મ જ છે. એણે ધર્મને બહાને લાખો કે કરોડોની સ્થિતિ ગુલામ જેવી મુકી છે.

સાર્વજનિક મેળા, બજાર, દુકાન, શાળા,ધર્મશાળા, મંદિર, કુવા, આગગાડી, મોટર વગેરે સ્થાનો જ્યાં બીજા હિન્દુઓને છુટથી જવાનો અને તેનો લાભ ઉઠાવવાનો અધિકાર હોય, ત્યાં અસ્પૃશ્યોનેચે અધિકાર છે જ. એ અધિકારથી તેમને વંચિત રાખનાર અન્યાય કરે છે.

જો પશુઓ મારવાને લીધે, અને માંસ, રૂધિર અને હાડકાં તથા વિષ્ટાની સાથે કારભાર કરવાનો હોવાને લીધે તેઓ અસ્પૃશ્ય બન્યા હોય, તો દરેક નર્સ અને દરેક દાકતર અસ્પૃશ્ય હોવો જોઈએ, અને તે જ પ્રમાણે ખ્રિસ્તી, મુસલમાન, અને કહેવાતા ઉંચ વર્ણના હિન્દુઓ જેઓ આહાર અથવા યજ્ઞને માટે પશુવધ કરે છે. તેઓ પણ અસ્પૃશ્ય હોવા જોઈએ.

સેંકડો વર્ષના અમાનુષી વ્યવહારને અને સંસ્કારી લોકોના સંસર્ગથી વંચિત રહેવાને પરીણામે અસ્પૃશ્યોની સ્થિતી એટલી બધી દયાપાત્ર બની ગઈ છે અને તે એટલા બધા હેઠા પડી ગયા છે કે, એમને બીજા વર્ગોની કીટીએ ચડાવવા માટે સમજદાર હિન્દુઓએ ખાસ પ્રયત્ન કરવા ઘટે છે. આથી અસ્પૃશ્યો અને બીજી દલીત કે પછાત કોમોની સેવા માટે પોતાનું જીવન અર્પણ કરવું, અને તે કાર્યમાં ઉદાર દિલે મદદ કરવી, એ આ યુગના હિન્દુઓ માટે અતિ પવિત્ર ક્રમ છે.

અસ્પૃશ્યોની સ્થિતી સુધારવા માટે એમની પાસે એમના પરંપરાગત ધંધાઓ છોડાવવાની કે એ પ્રત્યે એમનામાં અણગમો ઉત્પન્ન કરાવવાની જરૂર નથી. એવું પરીણામ આવે એવી રીતે એમનામાં કરેલી પ્રવૃત્તિ એમની સેવા નહીં, પણ અસેવા કરશે. વણકર વણાટ કરતો રહે અને ચમાર ચામડું કેળવતો રહે, છતાં અસ્પૃશ્ય ન ગણાય ત્યારે જ

અસ્પૃશ્યતાનું નિવારણ કર્યું ગણાય. એ ધંધામાં સુધારા કરવાની અને ખિલવણી કરવાની ફરજ પાડી શકાય નહી.

**અસ્પૃશ્યતાનો શાપ**

મારે પુનર્જન્મ નથી લેવો. મેં પ્રભુની પ્રાર્થના કરેલી કે હું આવતે જન્મે જન્મે તો અંત્યજ જ જન્મ અને તેમને પડતાં દુઃખો અનુભવું ને તે ઓછાં કરવા તપશ્ચર્યા કરૂં. હું બ્રાહ્મણ, વૈશ્ય કે શૂદ્ર પણ નહીં પણ અતિશૂદ્ર જ જન્મવા ઇચ્છું છું[183]. હું મારી પત્નીને પરણ્યો તે પહેલાં ઘણા વખત પર અસ્પૃશ્યતા નિવારણાને વર્યો હતો. અમારા સંયુક્ત જીવનમાં બે પ્રસંગો એવા આવ્યા હતા જ્યારે મારે અંત્યજોને માટે કામ કરવાની અને પત્નીની સાથે રહેવાની વચ્ચે પસંદગી કરવાની તી, અને મેં પહેલી જ પસંગી કરી હોત. પણ મારી પત્નીની ભલાઈને લીધે એ અણીનો વખત ટળી ગયો. મારો આશ્રમ જે મારૂં કુટુંબ છે તેમાં કેટલાયે અંત્યજો છે, અને એક મીઠી પણ તોફાની બાળા મારી પોતાની દીકરી તરીકે રહે છે. [184]

લોકો પ્રત્યેના પ્રેમને જ કારણે મારા જીવનમાં અસ્પૃશ્યતાનિવારણના પ્રશ્નને દાખલ કર્યો. મારી મા કહે, 'તારાથી આ છોકરાને ન અડકાય, એ અસ્પૃશ્ય છે.' 'કેમ નહીં?' મેં સામું પૂછ્યું. અને તે દિવસથી મારો બળવો શરૂ થયો.[185] જો હિંદુસ્તાનની વસતિના પાંચમા ભાગને આપણે કાયમને માટે દબાયેલો રાખવા માગતા હોઈશું અને રાષ્ટ્રીય સંસ્કૃતિનાં અમૃતકાળથી અને ઈરાદાપૂર્વક વંચિત રાખવા માંગતા હોઈશું તો સ્વરાજ્ય એક અર્થહીન શબ્દ બની રહેશે. આત્મશુદ્ધિની આ મહાન ચળવળમાં આપણે ઈશ્વરની સહાય માટે પ્રાર્થના કરી રહ્યા છીએ, પરંતુ એ જ ઈશ્વરે સર્જેલા જે મનુષ્યોને માનવતાના અધિકારોની સૌથી વધારે જરૂર છે તેમને તે અધિકારો આપવા ના પાડીએ છીએ. અને જ્યારે આપણે પોતે જ નિષ્ઠુર છીએ, ત્યારે બીજાઓની નિષ્ઠુરતામાંથી આપણને છોડાવવા માટે આપણે પ્રભુના સિંહાસન આગળ પ્રાર્થના ન કરવી જોઈએ.[186] ધર્મને પવિત્ર નામે મનુષ્યોની પાછળ લાગવું એ શુદ્ધ ધર્માંધ હઠ છે.[187] હિંદુ ધર્મની સુધારણા તેમ જ રક્ષાને અર્થે અસ્પૃશ્યતાનિવારણ એ જ સૌથી મોટી વસ્તુ છે. અસ્પૃશ્યતાનિવારણનું કાર્ય એ આધ્યાત્મિક ક્રિયા છે.[189]

અસ્પૃશ્યતા અથવા સ્પર્શાસ્પર્શનો મેલ હિંદુ ધર્મમાં રહેશે તો તેનો નિશ્ચ નાશ છે.[189] અસ્પૃશ્યતા જીવે એના કરતાં તો હિંદુ ધર્મ રસાતળ જાય એ હું વધારે ઇચ્છું. [190] અસ્પૃશ્યતા સામે સંગ્રામ ચલાવવામાં અને એ સંગ્રામમમાં જાતને હોમી દેવામાં મારી મહત્ત્વાકાંક્ષા આખા મનુષ્યસમાજનો સંપૂર્ણ કાયાપલટો થયેલો જોવાની છે. એ ખાલી સ્વપ્ન હોય, છીપમાં રૂપું જોવા જેવો આભાસમાત્ર હોય. જ્યાં સુધી એ સ્વપ્નું ચાલે છે ત્યાં સુધી મારે મન એ આભાસરૂપ નથી અને રોમાં રોલાંના શબ્દમાં કહુ તો 'વિજય ધ્યેયની સિદ્ધિમાં નથી, પણ એની અવિશ્રાંત સાધનામાં છે.[191]

**અસ્પૃશ્યતા અને જ્ઞાતિ**

શરીર ઉપરના ગડગૂમડને કારણે શરીરનો નાશ કરવો અથવા નીંદણને કારણે સ્ફૂલનો નાશ કરવો એ જેમ ખોટુ છે તે જ

રીતે અસ્પૃશ્યોને કારણે શાંતિનો નાશ કરવો એ ખોટું છે. એટલે અસ્પૃયતાનો, જે અર્થમાં આપણે અસ્પૃશ્યતાને સમજીએ છીએ તેનો, જડમૂળથી નાશ કરવો જોઈએ. આખા સમાજ-શરીરનો નાશ ન થવા દેવો હોય તો આ વધારાના અંગને દૂર કરવું જોઈએ. એટલે અસ્પૃશ્યતા જ્ઞાતિપ્રથાની ઊપજ નથી પણ ઊંચનીચના ભેદમાંથી પેદા થયેલી છે, જે હિંદુ ધર્મમાં પેસી ગયો છે અને તેને ધીમે ધીમે કોતરી ખાય છે. અસ્પૃશ્યતા ઉપરનું આક્રમણ આમ આ ઊંચનીચ ભાવ પરનું આક્રમણ છે અને જે ક્ષણે અસ્પૃશ્યતા જશે તે જ ક્ષણે જ્ઞાતિપ્રથા પોતે શુદ્ધ થઈ જશે, એટલે કે, મારા સ્વપ્ન મુજબનું, તેનું સાચા વર્ણાશ્રમમાં સમાજના ચાર વિભાગમાં - રૂપાંતર થશે. આ ચાર વિભાગો એકબીજાના પૂરક થશે, એકબીજાથી ચડતા કે ઊતરતા નહીં હોય અને દરેક વિભાગ બીજા કોઈ પણ વિભાગ જેટલો જ સમગ્ર હિંદુ સમાજ માટે આવશ્યક હશે. [192]

**જ્ઞાતિ**

વર્ણવ્યવસ્થામાં મૂળ કલ્પેલી સમાજની ચતુર્વિધ રચના જ મને તો મુદ્દાની, સ્વાભાવિક અને જરૂરી જણાય છે. અસંખ્ય ન્યાતો અને પેઢાન્યાતોની કેટલીક વાર કેટલીક અનુકૂળતા થઈ હશે; પણ મોટે ભાગે તો ન્યાતો વિઘ્નકર્તા જ થઈ પડનારી છે એમાં શંકા નથી. એવી પેટાન્યાતો જેમ જલદી એક થઈ જાય તેમ સમાજનું શ્રેય છે. આર્થિક દૃષ્ટિએ, એક જમાનામાં જાતિનું ઘણું મહત્ત્વ હતું. તેમાં વારસાની કુળતાની રક્ષા થતી અને હરીફાઈ મર્યાદિત રહેતી. આ દરિદ્રતાને દૂર રાખવાનો ઉત્તમ ઉપાય હતો. તેમાં વેપારમંડળીના બધા લાભ હતા. જોકે તેનાથી સાહસ અથવા આવિષ્કારને કોઈ પ્રોત્સાહન નહોતું મળતું, પરંતુ એમ પણ ન કહી શકાય કે એ કોઈને નડતરરૂપ હતી. ઐતિહાસિક દૃષ્ટિએ, જાતિ વ્યવસ્થાને ભારતીય સમાજની પ્રયોગશાળામાં મનુષ્યનો પ્રયોગ કે સામાજિક ગોઠવણ કહી શકાય. જો આપણે તેની સાળતા સાબિત કરી શકીએ તો તેને દુનિયાની કાયા પલટી નાખવાના, નિર્દય હરીફાઈને સમાપ્ત કરવાના અને ધનલોલુપતા તથા લાલથી ઉત્પન્ન થતાં સામાજિક વિચ્છેદનને રોકવાના સર્વોત્તમ સાધનના રૂપમાં રજૂ કરી શકીએ છીએ.

**કોમ અને વર્ણ**

નાતજાતને વિશે મેં ઘણી વાર કહ્યું છે કે આજના અર્થમાં નાતજાતને હું માનતો નથી. એ 'અદકેરું અંગ' છે અને પ્રગતિમાં વિઘ્નરૂપ છે. તે જ પ્રમાણે હું મનુષ્ય મનુષ્ય વચ્ચેની અસમાનતાઓને પણ માનતો નથી. આપણે સૌ સંપૂર્ણતાએ સમાન છીએ. પણ સમાનતા આત્માઓની છે, શરીરોની નહીં. તેથી તે માનસિક અવસ્થા છે. સમાનતાનો વિચાર કરવાની ને તે ભારપૂર્વક જાહેર કરવાની જરૂર પડે છે, કેમ કે આ ભૌતિક જગતમાં આપણે ભારે અસમાનતાઓ જોઈએ છીએ. આ બાહ્ય અસમાનતાના આભાસમાં આપણે સમાનતા સાધવાની છે. કોઈ પણ માણસ બીજા કોઈના કરતાં પોતાને ઊંચો માને એ ઈશ્વર તેમ જ મનુષ્ય સામે પાપ છે. આમ, નાતજાત એ જેટલે દરજ્જે દરજ્જાના ભેદ સૂચવે છે તેટલે અંશે બૂરી વસ્તુ છે.

જાતિભેદે એવી જડ ઘાલી છે કે એના છાંટા મુસલમાન, ખ્રિસ્તી વગેરે બધા ધર્મીઓને લાગ્યા છે. એટલું ખરું કે પ્રમાણમાં બધા ધર્મમાં વાડાઓ રહ્યા જ છે. એ ઉપરથી હું એવા નિર્ણય પર આવ્યો છું કે મનુષ્યમાત્રમાં એ દોષ રહેલો છે. શુદ્ધ ધર્મથી જ એ દોષ ધોઈ શકાય. આવા વાડાઓ, ઊંચનીચપણું મેં તો કોઈ ધર્મપુસ્તકમાં નથી જોયાં.

સમાજની ગંદકીને દૂર કરી તેને રોજ રોજ સાફ રાખવાનું કાર્ય પવિત્ર છે. એ કાર્ય નિયમિત રીતે ન થાય તો આખો સમાજ મરણતોલ દશામાં આવી પડે. સફાઈના કામનો દરજ્જો સમાજને આવશ્યક બીજા કામોના જેટલો જ ઉંચો સમજવી ઘટે છે. એ કામમાં અનેક સુધારાઓને અવકાશ છે. સંસ્કારી લોકોએ કામ કરતા થઈ જઈને ઘણા સુધારા કરી શકે.

આપણે જે લોકોને ઘણીવાર આપણા અજ્ઞાનને અને વધુવાર આપણા અહંકારને કારણે આપણાથી હલકા ગણીએ છીએ. તે લોકોના સ્પર્શની અસરની બાબતમાં અતિશયોક્તિ ન કરીએ, ઈશ્વરના સિંહાસન આગળ, આપણે શું ખાધું છે કે આપણને કોણ અડયુ છે. તેના પરણી નહી પણ આપણે કોની અને કેવી રીતે સેવા કરી છે. તેના પરથી આપણો ન્યાય થશે. જો આપણે એક પણ દુઃખી માણસની સેવા કરીશું. તો ભગવાનની આપણા તરફ કૃપા દૃષ્ટિ થશે.

આ સફાઈના કામનો અલગ ધંધો બનાવીએ ધંધાને અતિશય ગંદો તથા હીન ગણી, તથા એ ધંધો કરનારી ભંગી કોમને છેક નીચ વર્ણ ગણી આપણે ભંગી કોમની સ્થિતિ અતિશય દયામણી કરી મુકી છે. તથા આપણી આખો સમાજ ગંદી હાલતમાં રહેતો થઈ ગયો છે. આનો ઉપાય એ છે કે, દરેક કુટુંબ પોતાની પાપખાના સફાઈનું તથા બીજી સફાઈનું કામ પોતે જ કરી લે, જેમ પોતાની રસોઈ પોતે કરી લે છે. તેમ પછી સાર્વજનિક સફાઈનું કામ રહે તે માટે ધંધાદારી માણસો હોય, પણ એ ધંધાનો દરજ્જો બીજા ઉંચા ગણાતા ધંધાઓ જેટલો ગણવામાં આવે, અને એ કામ કરવાની રીતો એટલી સુધારવામાં આવે કે, કામ સુપડ અને આરોગ્યપ્રદ રીતે કરી શકાય અને એ કામ કરનાર બહુ સ્વચ્છ રહી શકે.

અસ્પૃશ્ય ગણાતાં લોકોમાં પેઠેલી મુડદાલ માંસ ખાવાની ટેવ, એમની દરિદ્રતા કેટલી કરૂણાજનક છે, એ જ દર્શાવે છે. એ દરિદ્રતા દુર કરીને અને એમને સમજણ આપીને એ ટેવ દુર કરવી ઘટે છે. માત્ર પોતાના આચાર ચોખ્ખા રાખવાથી સંસ્કારી થવાતુ નથી. પોતે જેને અશુદ્ધ આચાર ગણતા હોય, તે આચારવાની બીજાને ફરજ પડે એમ વર્તવું, એ પણ અસંસ્કારિતાની નિશાની છે. પોતાને સંસ્કારી ગણતા વર્ણો અસ્પૃશ્યોને પોતાનું એઠું કે કોહેલું, કે ઉભરેલું કે અશુદ્ધ થયેલું આપે અને પશુ કરતાંયે એમની સાથે હલકો વ્યવહાર કરે, એ અસંસ્કારિતા તેમજ પાપ છે. એવું ગાંધીજી માનતા હતા.

**સંદર્ભ સૂચિ** :-

(૧) મારા સ્વપ્નનું ભારત નવજીવન પ્રકાશન અમદાવાદ-૧૪, ગાંધીજી પ્રકાશક વિવેક જીતેન્દ્ર દેસાઈ

(૨) ગાંધી વિચાર-દોહન નવજીવન પ્રકાશન અમદાવાદ-૧૪, કિ. ધ. મશરૂવાળા

(3) ભારતીય સમાજનું માળખું- અનડા પ્રકાશન, જે.કે.દવે, એ.જી.શાહ

(૪) ગાંધીજીનું જીવંદર્શન, ડાં. લોકેશ જૈન, ડાં. વિષ્ણુ પુરોહિત – પાશ્વ પબ્લિકેશન અમદાવાદ.

(૫) મહાત્મા ગાંધીજીના વિચારો, આર.કે.પ્રભુ અને યુ.આર.રાવ, નેશનલ બુક ટ્રસ્ટ ઈન્ડિયા